# સ્કુલ સ્પોર્ટસ કોન્ટેકટ પ્રોગ્રામ



## સ્કુલ સ્પોર્ટસ કોન્ટેકટ પ્રોગ્રામ

રમતગમત, યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગરના તા.૨૮/૦૭/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંકઃએસએજી/૧૦૨૦૧૬/૨૪૦૫/બ થી રાજય સરકાર દ્વારા ખેલમહાકુંભમાં સારું પ્રદર્શન કરેલ શાળાઓને સાધનો અને મેદાન સુધારા માટે સહાય અને તે શાળાના વ્યાયામ શિક્ષકોને તાલીમ આપીને શાળાની Capacity Building માટેની યોજના કાર્યાન્વિત કરવામાં આવે છે. આ સ્કુલ સ્પોર્ટસ કોન્ટેકટ પ્રોગ્રામ માટે વર્ષ ૨૦૧૮-૧૯ માં રૂ.૯૯૫.૦૦ લાખની બજેટ જોગવાઇ ફાળવવામાં આવેલ.

રાજયનું ખેલક્ષેત્રે સારું પરિણામ આપતી શાળાઓનો વ્યાયામ શિક્ષણમાં કેપેસીટી બિલ્ડીંગ અને જરૂરી સાધનો પુરા પાડી ટ્રેનીંગ મારફતે ખેલકુદ ક્ષેત્રમાં પરિણામ સુધારવા માટે આ યોજના અમલમાં આવેલ છે.

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગરની કચેરી દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮માં સ્કુલ સ્પોર્ટસ કોન્ટેકટ પ્રોગ્રામની યોજના શરૂ કરવામાં આવેલ. આ યોજનાના અમલીકરણ માટે વર્ષ ૨૦૧૮-૧૯માં ELMS સ્પોર્ટસ ફાઉન્ડેશન સાથે ૧ વર્ષ માટે એમ.ઓ.યુ. કરવામાં આવેલ હતું. હવે, આ યોજનાના અમલીકરણ માટે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીને કામગીરી સુપરત કરવાનું નકકી કરવામાં આવેલ. આ યોજના અંગેના તમામ ખર્ચ માટે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીને અત્રેની કચેરીએથી ગ્રાન્ટ ફાળવવામાં આવશે.

આ યોજના અમલીકરણ અને પ્રગતિ અંગેનો અહેવાલ સમયાંતરે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીએ અને ELMS સ્પોર્ટસ ફાઉન્ડેશને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગરને આપવાનો રહેશે.

ખેલમહાકુંભ-૨૦૧૬માં વિવિધ રમતોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરેલ શાળાઓની પસંદગી કરવામાં આવશે દર વર્ષે છેલ્લા ખેલમહાકુંભ તેમજ અન્ય સ્પર્ધાના પરફોર્મન્સના આધારે શાળાઓમાં ફેરફાર કરી શકાશે. આ શાળામાં જરૂરીયાત પ્રમાણે રમતના સાધનો આપવામાં આવશે. પસંદ થયેલ દરેક શાળાના વ્યાયામ શિક્ષક/ટ્રેનર/કોચને રમત મુજબ ઓન-લાઇન Curriculum આપવામાં આવશે. કોઇ પણ શાળામાં મહત્તમ બે રમતના ટ્રેનર્સ / વ્યાયામ શિક્ષકને લાભ આપી શકાશે. તેઓને સ્પોર્ટસના એકસપર્ટ દ્વારા જરૂર પ્રમાણે સમયાંતરે ટ્રેનીંગ આપવામાં આવશે.

આ યોજનામાં પ્રથમ વર્ષે ૧૦૦૦ શાળાઓ, દ્વિતીય વર્ષે ૧૫૦૦ નવી શાળાઓ અને ત્રીજા વર્ષે ૨૦૦૦ શાળાઓને આવરી લેવા માટેનો મુખ્ય હેતુ છે. આ યોજના અંતર્ગત વિવિધ શાળાઓના વ્યાયામ શિક્ષકો માટે પ્રથમ તબકકામાં એક દિવસીય લોન્ચીંગ સેમીનાર/વર્કશોપનું તા.૧૫/૦૨/૨૦૧૮ નું આયોજન ટ્રાન્સસ્ટેડીયા સ્પોર્ટસ સ્ટેડીયમ, ગેટ નં.૩, કાંકરીયા, અમદાવાદ ખાતે કરવામાં આવેલ. તદ્પરાંત સૌરાષ્ટ્ર ઝોનના ૩૭૫, દક્ષિણ

ઝોન-૨૨૫, મધ્ય ઝોન-૨૨૦, અને ઉત્તર ઝોન ૧૮૦ વ્યાયામ શિક્ષકોને આ એક દિવસના વર્કશોપ માટે તા.૨૪/૦૪/૨૦૧૮ થી તા.૨૬/૦૪/૨૦૧૮ દરમ્યાન એક-એક દિવસ ક્રમાનુસાર ઝોનવાઇઝ આયોજન કરવામાં આવેલ. આ સેમીનારમાં ૧૦૦૦ વ્યાયામ શિક્ષકોને હાજર રહેવા જણાવવામાં આવેલ જે પૈકી ૭૭૭ વ્યાયામ શિક્ષક હાજર રહેલ હતા. આ યોજના અંતર્ગત રૂ.૯૯૫.૦૦લાખની જોગવાઇ કરવામાં આવેલ. જેની સામે રૂ.૫૦.૧૬ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

india.gov.in The national portal of India
KHELO INDIA
Ministry of Youth Affairs and Sports Government of India



કૉપિરાઇટ © ૨૦૧૯ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત

# ઇનસ્કુલ યોજના



## શિક્ષણ સાથે રમતના સમન્વય યોજના અંતર્ગત ઇન સ્કુલ પ્રોગ્રામ

ગુજરાત સરકાર દ્વારા તા.૪/૮/૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃએસએજી/૧૦૨૦૧૩/૨૪૧૪/બ થી શિક્ષણ સાથે રમતના સમન્વય માટેની યોજના અંતર્ગત રાજયની ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળાઓમાં "ઇન સ્કુલ" યોજના વર્ષ ૨૦૧૪-૧૫થી અમલમાં આવેલ છે.

શિક્ષણ સાથે રમતના સમન્વય યોજના અંતર્ગત ઇનસ્કુલ પ્રોગ્રામમાં વર્ષ ૨૦૧૭-૧૮થી આદિજાતિ ઇનસ્કુલ યોજનાને મર્જ ગણવાની રહે છે.

રાજયમાં રમતગમતનો વિકાસ અને તેનો વ્યાપ વધે તે માટે પ્રાથમિક તેમજ માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં બાળકોને શિક્ષણ સાથે રમતગમતની તાલીમ આપવામાં આવે તો રાજયનું રમતગમતનું સ્તર ચોકકસપણે ઉંચુ આવે તેવા ઉમદા હેતુસર સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપથી શિક્ષણ સાથે રમતના સમન્વય માટેની યોજના અંતર્ગત "ઇન સ્કુલ પ્રોગ્રામ" વર્ષ ૨૦૧૪-૧૫ થી કાર્યાન્વિત થયેલ છે.

આ યોજના અંતર્ગત ધોરણ-૧ થી ખેલાડીઓને Mortar એબીલીટી અને સ્કીલ ડેવલોપ કરવાના પ્રયત્નો હાથ ધરવામાં આવે છે. ત્યારબાદ વય પ્રમાણે મલ્ટી સ્પોર્ટસ એકસ્પોઝર આપવામાં આવે છે. આ શાળાઓ જીલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કુલ યોજના માટેની નર્સરી તરીકે કામ કરે છે, અને આ યોજના આઉટ સોર્સીગ ટી.એસ.પી. એજન્સી દ્વારા સંચાલન કરવામાં આવે છે. જરૂર પ્રમાણેના સાધનો અને મેદાન વિગેરે માટે કેપીટલ ખર્ચ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા કરવામાં આવે છે. આ યોજના હેઠળ આઉટ સોર્સીગ ટી.એસ.પી. એજન્સી સારું પરિણામ આપે તે માટે તેમને પ્રોત્સાહિત કરવાના રહેશે.

આ યોજના અંતર્ગત રાજયના ૩૩ જીલ્લાઓમાંથી વર્ષ ૨૦૧૫-૧૬ થી ૨૦૧૮-૧૯માં કુલ ૨૪૯ શાળાઓ (ઇનસ્કુલ/ ટ્રાયબલ ઇનસ્કુલ) પસંદ કરવામાં આવેલ છે. આ યોજનાનું સંપૂર્ણ આયોજન સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા નિયુકત કરવામાં આવેલ વિવિધ ટી.એસ.પી. એજન્સીઓ દ્વારા કરવામાં આવે છે. પસંદ થયેલ શાળાઓમાં વિવિધ રમતના કુલ ૪૬૫ ટ્રેનરો દ્વારા ૧,૫૧,૨૮૩ ખેલાડીઓને (ઇનસ્કુલ અને આફટર ઇનસ્કુલ) તાલીમ આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત વિવિધ રમતના હેડકોચ, એકસપર્ટ કોચ કે અન્ય કોચ સાથે કો-ઓર્ડીનેશન જળવાય તે માટે ત્રિ-દિવસીય સેમીનાર/ વર્કશોપનું આયોજન કરવામાં આવેલ કાર્યરત ઇનસ્કુલ શાળાઓમાં ફરજ બજાવતાં ટ્રેનરો માટે સેમીનાર સ્પોર્ટસ કોમ્પલેક્ષ નરોડા-અમદાવાદ, મોડાસા-અરવલ્લી, ભાવનગર, ડાંગ-સાપુતારા, જુનાગઢ, નડીયાદ-ખેડા, ગોધરા-પંચમહાલ, વડોદરા તા.૨૩/૦૩/૨૦૧૯ થી તા.૨૫/૦૩/૨૦૧૯ દરમ્યાન અલગ અલગ તારીખ દરમ્યાન વિવિધ રમતના સેમીનારનું આયોજન કરવામાં આ

વર્ષ ૨૦૧૮-૧૯માં કુલ રૂ.૨૩,૦૦,૦૦,૦૦૦/- લાખ ફાળવેલ જે પૈકી રૂ.૧૯૩૮.૨૧ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે

૨૦૨૨.૨૩માં ૭૩૫૦.૦૦ ની [illegible]

આદીજાતી ઇનસ્કુલ યોજનાનું અરજી પત્રક sag-ramat-14-15.pdf (1.13 MB)

## સરકારી ઠરાવ

ક્રમ

1

ઠરાવ તારીખ

૦૪-૦૮-૨૦૧૪

ઠરાવ ક્રમાંક

એસએજી-૧૦૨૦૧૩-૨૪૧૪-બ

ઠરાવનો વિષય

રૂ.૬૭૫ લાખ શિક્ષણની સાથે રમતગમતના સમન્વય માટેની યોજના અંગેના ખર્ચની વહીવટી મંજુર આપવા બાબ

શાખા

બ

ડાઉનલોડ્સ

(1.65 MB)

ક્રમ

2

ઠરાવ તારીખ

૩૦-૦૫-૨૦૧૪

ઠરાવ ક્રમાંક

એસએજી-૧૦૨૦૧૨-૨૪૬-બ

ઠરાવનો વિષય

આદિજાતિના ખેલાડીઓ માટે ક્રિડા કૌશલ્ય વર્ધક કાર્યક્રમનો અમલ કરવા બાબત

શાખા

બ

ડાઉનલોડ્સ

(1.04 MB)

ક્રમ